# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-05-2026** **Midday : 2.30 to 2.35 pm**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.**

-----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# BIG CAT SUMMIT

આંતરરાષ્ટ્રીય મોટી બિલાડી ગઠબંધન સંમેલન-2026ના પૂર્વ કાર્યક્રમનો આજે સાસણ ગીર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્ચ્યુઅલ માધ્યમથી પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ, રાજ્યના વન મંત્રી અર્જુન મોઢવાડિયા સહભાગી થયા. સિંહ સંરક્ષણ અંગેના આ કાર્યક્રમને વર્ચ્યુઅલી સંબોધતા શ્રી પટેલે જણાવ્યું, સિંહ સંરક્ષણને પ્રાથમિકતા અને વન વિભાગની શ્રેષ્ઠ નીતિઓના પરિણામે સિંહોની વસ્તી અને વિચરણ વિસ્તારમાં નોંધપાત્ર વધારો થયો છે.

જ્યારે આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું, વન્ય પ્રાણીઓના જતન માટે ગુજરાતનું સિંહ સંવર્ધનનું ઉત્કૃષ્ટ રોલ મોડલ વિશ્વ સમક્ષ મૂકાશે. તેમણે ઉમેર્યું, મોટી બિલાડી સંવર્ગની 7 પ્રજાતિમાંથી 5 પ્રજાતિનું ભારતમાં અસ્તિત્વ એ દેશનું ગૌરવ છે.પ્રથમ આંતરરાષ્ટ્રીય મોટી બિલાડી ગઠબંધન સંમેલન જુન-2026માં નવી દિલ્હીમાં યોજાશે જેના પૂર્વાર્ધ રૂપે આ કાર્યકમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

# BJP PARLIAMENT MEET

સૌરાષ્ટ્ર ઝોન અને વડોદરા માટે મળેલી ગુજરાત ભાજપની પાર્લામેન્ટ્રી બોર્ડ બેઠકનો આજે બીજો દિવસ છે. તેમાં રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, અમરેલી, બોટાદ સહિતના જિલ્લાઓ અને વડોદરા જિલ્લાઓની કેટલીક સંસ્થાઓ સંદર્ભે ચર્ચા થશે. મહાનગર પાલિકામાં મેયર ડેપ્યુટી મેયર અને સ્થાયી સમિતિના અધ્યક્ષ જ્યારે નગરપાલિકા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં પ્રમુખ, ઉપપ્રમુખ અને કારોબારી સમિતિના અધ્યક્ષના નામો નક્કી થશે.

# SURENDRANAGAR ACCIDENT

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ધોરીમાર્ગ પર ટેન્કર અને બસ વચ્ચેના અકસ્માતમાં ચાર લોકોનાં મોત થયા અને દસ વ્યક્તિને ઇજા થઈ છે. ચોટીલા-રાજકોટ ધોરીમાર્ગ પર સાંગાણી ગામ પાસે રાતના સમયે ડામર ભરેલું ટેન્કર જઈ રહ્યું હતું ત્યારે ટેન્કરનું ટાયર ફાટતાં પાછળ આવતી બસ ટેન્કર સાથે અથડાઈ હતી જેને કારણે શોર્ટ સર્કિટ થતા બસમાં આગ લાગી ગઈ. ઘટના અંગે નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણાએ વધુ માહિતી આપી.

(બાઈટ: એચ ટી મકવાણા, નાયબ કલેક્ટર)

# SURAT VGRE

સુરતમાં યોજાયેલા વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પ્રદર્શનમાં આદિવાસી હસ્તકલા અને પરંપરાગત ઉત્પાદનોના 25 સ્ટોલ્સ પર પાંચ દિવસમાં 5 લાખ 31 હજાર લાખથી વધુનું વેચાણ કરવામાં આવ્યુ. જેની આવક આદિવાસી હસ્તકલાકારોને કોઈપણ પ્રકારના ખર્ચ વિના સીધી પ્રાપ્ત થઈ હતી. આ સ્ટોલમાં વિવિધ જિલ્લાઓમાંથી આવેલા કુશળ આદિવાસી હસ્તકલાકારો દ્વારા બનાવવામાં આવેલા બાંબુ હસ્તકલા, લાકડાના આર્ટિફેક્ટ્સ, પરંપરાગત આભૂષણો, હેન્ડલૂમ વસ્ત્રો, શુદ્ધ વનૌષધિઓ અને પ્રાકૃતિક ખાદ્ય વાનગીઓ મુખ્ય આકર્ષણ રહ્યા હતા. આ ઉપરાંત અહી કુલ ૩૮ આદિવાસી હસ્તકલાકારોને પણ સહભાગી થવાની તક મળી હતી.

# SOU BIOGAS

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીની આસપાસ રહેતા એક હજાર જેટલા આદિવાસી પરિવારો રસોઇ ગેસની બાબતમાં આત્મનિર્ભર બની રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કરેલી જાહેરાત મુજબ અત્યાર સુધીમાં 665 જેટલા બાયોગેસ પ્લાન્ટ સ્થપાઇ ચૂક્યા છે અને બાકીનાં પ્લાન્ટ નાંખવાની પ્રક્રિયા પ્રગતિમાં છે. આ યોજના નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાની 38 ગ્રામ પંચાયતો હેઠળ આવેલા 89 ગામોમાં અમલમાં છે ગરુડેશ્વર તાલુકા પંચાયત દ્વારા અમલામાં મુકવામાં આવેલી આ યોજનાનું જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા મોનિટરીંગ થઇ રહ્યું છે.

# GANDHINAGAR MAYOR

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મીરાબેન પટેલે આજે મેટ્રો દ્વારા મુસાફરી કરી. મહાનગરપાલિકાની મુખ્ય કચેરી સુધી જવા માટે આજે તેમણે જાહેર પરિવહન વ્યવસ્થા તરીકે મેટ્રોનો ઉપયોગ કર્યો. આ પ્રસંગે તેમણે નાગરિકો સાથે સંવાદ કર્યો હતો તેમજ પર્યાવરણમિત્ર અને સુવિધાસભર જાહેર પરિવહન અપનાવવા માટે પ્રેરણા આપી હતી. તેમણે જણાવ્યું કે શહેરના વિકાસ સાથે સુવ્યવસ્થિત અને આધુનિક પરિવહન વ્યવસ્થા પણ અત્યંત જરૂરી છે. મેટ્રો સેવા સમયની બચત, ટ્રાફિકમાં ઘટાડો અને પ્રદૂષણ નિયંત્રણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# NAVSARI BIRD FLUE

મહારાષ્ટ્રમાં બર્ડ ફ્લૂના કેસના પગેલ નવસારીના ચીખલી તાલુકામાં પોલ્ટ્રી ફાર્મમાં સર્વે હાથ ધરાયો છે. સાવચેતીના પગલાંરૂપે ચીખલી તાલુકામાં બર્ડ ફ્લૂનુ સંક્રમણ ન ફેલાય તે માટે તાલુકામાં અંદાજે 140 પોલ્ટ્રી ફાર્મના માલિકો, સંચાલકોને જરૂરી તકેદારી રાખવા માટે પશુપાલનના અધિકારીઓએ માર્ગદર્શન આપ્યું છે. પશુપાલન વિભાગે પણ માર્ગદર્શિકા જાહેર કરી છે.

# MAHISAGAR – MARG SALAMATI

મહીસાગર કલેક્ટર કચેરી ખાતે નિવાસી અધિક કલેક્ટર સી. વી. લટાના અધ્યક્ષસ્થાને જિલ્લા માર્ગ સલામતી સમિતિની બેઠક યોજાઈ.

તેમાં જિલ્લામાં માર્ગ અકસ્માતો નિવારવા, ટ્રાફિક વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા અને નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે વિવિધ મહત્વપૂર્ણ એજન્ડાઓ પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી જરૂરી દિશાનિર્દેશો આપવામાં આવ્યા હતા.આ બેઠકમાં સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, માર્ગ અને મકાન વિભાગ, પોલીસ વિભાગ તથા રોડ સેફ્ટી સમિતિના અન્ય સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# MEHSANA POST

**રાજ્ય સરકારે પેન્શનર માટે હયાતીની ખરાઈ કરવાની પ્રક્રિયા હવે વધુ સુવિધાજનક બનાવી છે.ત્યારે મહેસાણા જિલ્લાના અંદાજે 16 હજાર 336 પેન્શનરને 31મી જુલાઈ સુધી પોસ્ટમેન કે ગ્રામીણ ડાક સેવક દ્વારા ઘેર બેઠા નિશુલ્ક ડિજીટલ જીવન પ્રમાણપત્ર બનાવી અપાશે.**

**આઝુંબેશમાં જિલ્લાની 53 સબ પોસ્ટ ઓફીસ અને 256 બ્રાન્ચ પોસ્ટ ઓફિસના કર્મચારીઓ કાર્યરત રહેશે.**